PO BOX 11699
TACOMA WA 98411-669

અરજદાર માટે મુલાકાતનો સમય – (DSHS 14-105) Emergencies

Washington State Department of Social & Health Services
Transforming lives

TTY / TDD નંબર: 800-209-5446
ટોલ ફ્રી નંબર: 877-501-2233

Date

Client's Name and Address

ગ્રાહકનો ID નંબર:

પ્રિય **Client's Name**

અમને તમારી અરજી **Date** ના રોજ મળી. તમારે **Date** સુધીમાં એક મુલાકાત પૂરી કરવી જરૂરી છે. તમે અમને 877-501-2233 પર કૉલ કરી શકો છો અથવા ઑફિસ પર આવી શકો છો. અમારા મુલાકાતના કલાક, રાજ્યના રજાના દિવસો સિવાય સોમવારથી શુક્રવાર, સવારે 8:00 વાગ્યાથી બપોરે 3:00 વાગ્યા સુધીના છે.

આગળ સૂચના ના આપવામાં આવે ત્યાંસુધી, Community Service Office (CSO)ની લોબિઓ સામાન્ય સેવાઓ માટે બંધ રહેશે.
મુલાકાત માટે કૃપા કરીને અમને 1-877-501-2233 પર કૉલ કરો. અમારો મુલાકાતનો સમય સવારે 8 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધીનો છે.
જો તમને વધુ કોઈ પ્રશ્નો હોય તો, કૃપા કરીને તમારી મુલાકાત દરમિયાન મુક્તપણે વધુ માહિતીની વિનંતી કરો.

જો અમને **Date** સુધીમાં કોઈ ઉત્તર નહીં મળે તો, તમારી ☐ મૂળભૂત આહાર ☐ રોકડ ની અરજીને નકારવામાં આવશે.

તમારી સહાયતા માટેની વિનંતીને કોઈ મુલાકાત વિના નકારવામાં આવશે.

આ યાદી એવી વસ્તુઓની છે જેની તમારે મુલાકાત માટે જરૂર પડી શકે છે:

- તમે જેમના માટે અરજી કરી રહ્યાં હો તે લોકો માટેના સોશિયલ સીક્યુરિટી નંબરો
- નાગરિકતા અથવા યુ.એસ. પાસપોર્ટ, જન્મની નોંધણીઓ, દેશાગમનના દસ્તાવેજો જેવા કાનૂની પરદેશી સ્થિતિનો પુરાવો.
- ફોટો ID જેવો ઓળખનો પુરાવો
- આવકનો પુરાવો, જેમ કે ચેકના નકલો, ચેકની કાપલી, તમને ઘરખર્ચ આપતા કોઈપણ વ્યક્તિનો પત્ર અથવા અહેવાલો
- સંશાધનોનો પુરાવો, જેમ કે વાહન નોંધણી, બૅંક અહેવાલો, સ્ટોક્સ, જીવન વીમા પોલિસીઓ
- બાળકો અથવા આશ્રિત પુખ્ત વ્યક્તિની સંભાળના ખર્ચનો પુરાવો, જેમ કે પ્રદાતાની પહોંચ
- ઘર ખર્ચનો પુરાવો, જેમ કે મોર્ગેજની ચુકવણીઓ, મિલકત કરની ચુકવણીઓ, ઘર માલિકનો વીમો, ભાડા ચીઠ્ઠીઓ, પટા-કરારની નકલ, ઉપયોગિતાના બિલ, તમારા ઘર માલિકનો પત્ર
- અન્ય પુરાવા, જેમ કે વણચુકવેલા તબીબી બિલ, આરોગ્ય વીમાના હપ્તાઓ, તમારા દેશાગમન અથવા નાગરિકતાની સ્થિતિના બદલાવો, નિયત તારીખની ગર્ભાવસ્થા, એડોપ્શન સપોર્ટ અથવા ફોસ્ટર કાળજીની ચુકવણીઓ

તમે નીચે મુજબ કરી શકો છો:

- www.washingtonconnection.org પર ફાયદાઓ માટે અરજી કરો, સમીક્ષા રજૂ કરો અથવા બદલાવોનો અહેવાલ આપો
- 888-338-7410 પર અમને માહિતી ફેક્સ કરો

તમારા દ્વારા અમને મોકલવામાં આવતી બધી નકલો પર તમારી ગ્રાહક ID લખો. તમારી ગ્રાહક ID છે.

એક WorkFirst કેસ મેનેજર અથવા સોશિયલ વર્કરનો સંપર્ક કરવા માટે 877-501-2233 પર કૉલ કરો.

એક અરજીની પ્રક્રિયા અથવા સમીક્ષા કરવા, બદલાવોની જાણ કરવા અથવા પ્રશ્નો પૂછવા માટે 877-501-2233 પર કૉલ કરો.

જો તમને આ પત્ર વિષે કોઈ પ્રશ્નો હોય તો કૃપા કરીને કૉલ કરો.

જોડાણ(જોડાણો): DSHS 14-113 ગ્રાહકના અધિકારો અને જવાબદારીઓ

Washington State Department of Social & Health Services
Transforming lives

તમારા રોકડ અને આહાર સહાયતાના અધિકારો અને જવાબદારીઓ

ગ્રાહકનું નામ (ઘરના વડા)
ગ્રાહકનો ID નંબર

તમારી જવાબદારીઓ (તમારે કરવી જોઈએ)

- **તમે યોગ્યતા ધરાવો છો કે નહીં તે નક્કી કરવા માટે અમારા માટે જરૂરી તેવી માહિતી પૂરી પાડો.**
- **જરૂર પડે ત્યારે અમને પુરાવો આપો.** અમે તેને તમારા માટે મેળવી શકીએ છીએ. આ વિભાગને તમારા દ્વારા આપવામાં આવતી માહિતી ફેડરલ અને સ્ટેટ અધિકારીઓની ચકાસણીને આધિન છે. ચકાસણીમાં છેતરપિંડીના તપાસનીસો સહિત આ વિભાગના કર્મચારી તરફથી સંપર્કોનું ફોલો-અપ સમાવિષ્ટ હોય શકે છે.
- **સોશિયલ અને હેલ્થ સર્વિસીઝ વિભાગને આપેલ માહિતી** હેલ્થ કેરઑથોરિટી અને હેલ્થ બેનીફિટ એક્સચેન્જ દ્વારા સંચાલિત હેલ્થ કેર કવરેજની યોગ્યતાને પ્રભાવિત કરી શકે છે.
- WAC 388-418-0005માં જરૂરી **બદલાવોનો અહેવાલ** (દા.ત. સરનામું, આવક વિગેરે.). આવતા મહિનાની 10મી તારીખ સુધીમાં તેમનો અહેવાલ આપો.
- જો તમે TANFના અનુદાનને સ્વીકારો તો, ડિવિઝન ઓફ ચાઈલ્ડ સપોર્ટ (DCS) સાથે સહયોગ કરો. તમારા દ્વારા તમારી કાળજીમાંના બાળક(બાળકો) માટે ચાઈલ્ડ સપોર્ટ સ્થાપિત, ફેરફાર અથવા અમલમાં મુકવા અને પિતૃત્વ સ્થાપિત કરવા (જરૂર પડે તો) DCSને મદદ કરવામાં આવવી જોઈએ. જો તમે યોગ્ય કારણ બતાવી શકો કે DCSને સહયોગ કરવાથી નોનકસ્ટોડિયલ માતા-પિતા તરફથી તમને, તમારા બાળકો અથવા તમારી કાળજીમાંના બાળકો પર જોખમ ઊભું થઈ શકે તો, તમે DCS સાથે સહયોગ કરવાનું નકારી શકો છો.
- **જ્યારે તમે** રોકડ સહાય આપવાનું કહો અથવા પ્રાપ્ત કરો ત્યારે અન્ય સ્ત્રોતોમાંથી સંભવિત આવક મેળવવા માટે અને યોગ્ય પ્રયત્ન કરવા માટે અરજી કરો.
- **જરૂરી અહેવાલો અને સમીક્ષાઓ પૂર્ણ કરો.**
- રોકડ અને આહાર સંબંધી સહાયતા માટે **કામની જરૂરીયાતોને અનુસરો.**
- જો તમે ઈચ્છતા હો કે તમારા વતિ અન્ય કોઈ તમારા આહાર સંબંધી સહાયતાનો ઉપયોગ કરે તો, **અમને જણાવો.**
- **અમારી ગુણવત્તા નિયંત્રણ સમીક્ષાઓ સાથે સહયોગ કરો.**
- **આહાર સંબંધી સહાયતાનો ઉપયોગ** ફક્ત તમારા ઘરના સભ્યો માટે આહાર ખરીદવા માટે જ કરો.
- **રોકડ સહાયતાનો ઉપયોગ** ફક્ત તમારા ઘરના સભ્યોના લાભ માટે જ કરો.
- **તમારા દ્વારા ફક્ત એવા લોકોનો જ સોશિયલ સીક્યુરિટી નંબર** (SSN) અથવા દેશાગમનની સ્થિતિ આપવામાં આવવી જોઈએ જે લોકો સહાયતા માટે અરજી કરી રહ્યાં હોય. જો તમે અરજી ના કરનાર ઘરના સભ્યોનો SSN અથવા દેશાગમનની સ્થિતિ ના આપવાનું પસંદ કરો તો પણ યોગ્યતા નક્કી કરવા માટે જરૂર પડે તો, ઘરના બધા સભ્યોની આવક અને સંશાધનોની ખરાઈ કરવામાં આવવી જોઈએ.

તમારા અધિકારો (અમારે આપવા જોઈએ)

- **તમારા નામ,** સરનામાં અને સહી અથવા તમારા અધિકૃત પ્રતિનિધિની સહીવાળી અરજી સ્વીકારો.
- **તમને DSHS ફોર્મ્સ ભરવામાં મદદ કરે છે.**
- **જો તમે** ઝડપી સેવા માટે યોગ્યતા ધરાવતા હો તો, 7 દિવસની અંદર તમારી આહાર સંબંધી વિનંતીની પ્રક્રિયા કરો.
- **જ્યારે તમે દસ્તાવેજો** આપો ત્યારે જો તમે વિનંતી કરો તો તમને એક પહોંચ આપવામાં આવે છે.
- અધિકાંશ કેસોમાં તમને 30 દિવસની અંદર એક લેખિત નિર્ણય આપવામાં આવે છે.
- **તમે ઑફિસ ઓફ ફ્રોડ એન્ડ એકાઉન્ટેબિલિટીના ફ્રોડ અર્લી ડીટેક્શન** (FRED)તપાસકર્તા સાથે બોલવાનું નકારી શકો છો. તમારે તપાસકર્તાને તમારા ઘરની અંદર આવવા દેવાની જરૂર નથી. તમે તપાસકર્તાને અન્ય કોઈ સમયે આવવાનું કહી શકો છો. આ સહાયતા માટેની તમારી યોગ્યતાને પ્રભાવિત કરશે નહીં.
- **આ વિભાગ દ્વારા મારા કેસ પર કરવામાં આવતા નિર્ણય સાથે** જો તમે અસહમત હો તો, તમે એક વહીવટી સુનાવણી માટે કહી શકો છો. તમે સુપરવાઈઝર અથવા વહિવટકર્તાને વિવાદીત નિર્ણય અથવા કાર્યની સમીક્ષા કરવાનું અથવા તમારા અધિકારોને પ્રભાવિત કર્યા વિના એક વહીવટી સુનાવણી માટે કહી શકો છો.
- **અમારે ટેમ્પરેરી આસિસ્ટન્સ ફોર નીડી ફેમિલિઝ (TANF)** કાર્યક્રમ હેઠળ 60-મહિનાની સમયમર્યાદા વિષે તમને જાણ કરવી જોઈએ. આ સમય મર્યાદા તમારા મૂળભૂત આહાર અથવા ચાઈલ્ડ કેરની સબસિડિઓને લાગુ પડતી નથી.

તમારા EBT કાર્ડ વિષે તમારે જાણવા જેવી બાબતો

- **ફાયદાઓનો દુરુપયોગ:** EBT કાર્ડ દ્વારા વિતરિત કરવામાં આવતો આહાર અને રોકડ, તમે તમારા ફાયદાઓનો જ્યાં ઉપયોગ કર્યો હોય તેવા વહેવારોના એક ઈતિહાસ સાથે DSHS પૂરું પાડશે. રોકડ સહાયતાના ફાયદાઓના દુરુપયોગ અથવા રોકડ માટે આહાર સહાયતાના ફાયદાઓ સાથે અથવા તેવા મૂલ્યવાળી અન્ય વસ્તુઓ (ટ્રાફિકિંગ) સાથે અદલાબદલી કરવાની તપાસમાં આ વિભાગ વહેવાર સંબંધી માહિતીનો ઉપયોગ કરશે.
- **EBT કાર્ડની બદલી:** અમે EBT કાર્ડની બદલીની કિંમત વસુલી શકીએ છીએ. તમારા EBT કાર્ડ અને પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર (PIN)ને સુરક્ષિત અને સલામત રાખો.
- **ઉચ્ચ સિલકવાળા EBT કાર્ડ્સ:** જો તમે ક્યારેક તમારા ફાયદાઓનો ઉપયોગ ના કરો અથવા થોડા મહિના પછી ઉચ્ચ સિલક જમા થઈ જાય તો, તમારી સ્થિતિની અથવા ફાયદાઓ માટે તમારી જરૂરીયાતની સમીક્ષા કરવા માટે અમે તમારો સંપર્ક કરી શકીએ છીએ.

તમારે જાણવી જોઈતી બાબતો (મૂળભૂત આહાર)

- **માહિતીની ખરાઈ કરવા માટે** અમે મૂળભૂત આહાર માટે અરજી કરતા લોકોની માહિતીને અન્ય ફેડરલ એજન્સિઓ પાસે મોકલી શકીએ છીએ જો કોઈ માહિતી ખોટી હોય તો, અરજી કરેલા લોકોને મૂળભૂત આહાર ના મળી શકે. જો કોઈ વ્યક્તિ જાણતા હોવા છતાં ખોટી માહિતી આપે તો, તેમના પર ગુનાહિત કાર્યવાહી કરવામાં આવી શકે છે. મૂળભૂત આહારના નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરવાનો દંડ આ કાર્યક્રમ માટે અયોગ્ય જાહેર કરવાથી લઈ દંડ ફટકારવા અથવા સંભવતઃ કેદ સુધીની અલગ-અલગ હોય છે.
- **જો તમે તમારી આહાર સંબંધી સહાયતાનું રોકડ, ડ્રગ્સ, હથિયારો અથવા** કોઈ અધિકૃત વિક્રેતા (ટ્રાફિકિંગ) પાસેથી આહાર સિવાયના અન્ય કોઈ મૂલ્યની વસ્તુ માટે વેચાણ કરો, વેચાણનો પ્રયત્ન કરો, અદલા-બદલી કરો અથવા દાનમાં આપી દો તો, પહેલા અપરાધ રૂપે તમને ઓછામાં ઓછું એક વર્ષથી લઈને આજીવન આહાર સંબંધી ફાયદાઓ પ્રાપ્ત કરવા માટે અયોગ્ય ઠરાવવામાં આવી શકે છે. જો તમે વૉશિંગટન શહેર છોડીને જતા રહો અને અન્ય રાજ્યમાં આ ફાયદાની અરજી કરતો તો પણ આ અયોગ્યતા ચાલુ રહે છે.
- **જો તમારે મૂળભૂત આહારના કાર્યની જરૂરીયાતોમાં ભાગ લેવાની જરૂર પડે** અને ભાગ લેવામાં નિષ્ફળ જાવ તો, તમે એક મહિના માટે અને પહેલી નિષ્ફળતા માટે તમે કાર્યની જરૂરીયાતોનું પાલન ના કરો ત્યાંસુધી; ત્રણ મહિના અને બીજી નિષ્ફળતા માટે તમે કાર્યની જરૂરીયાતોનું પાલન ના કરો ત્યાંસુધી; છ મહિના અને ત્રીજી નિષ્ફળતા માટે તમે કાર્યની જરૂરીયાતોનું પાલન ના કરો ત્યાંસુધી અયોગ્ય પૂરવાર થઈ શકો છો.
- **આ પેજ પર મૂળભૂત આહાર દંડની ચેતવણીમાં વર્ણવ્યા અનુસાર** મૂળભૂત આહારના કાર્યક્રમના નિયમના ભંગ માટે તમને મૂળભૂત આહાર કાર્યક્રમમાંથી કાઢી નાખવામાં આવી શકે છે.
- **જો તમે ઈચ્છતા હો કે આ વિભાગ અન્ય ખર્ચાઓ સમાવિષ્ટ કરે તો, ઘરના ખર્ચાઓનો અહેવાલ આપો.** જો તમે અહેવાલ ના આપો અને આવા ખર્ચાઓનો પૂરાવો આપો તો, તમે એમ દર્શાવો છો કે તમે વધારે મૂળભૂત આહાર મેળવી શકો કે નહીં તે નક્કી કરવા માટે તમે નથી ઈચ્છતા કે અમે આ ખર્ચાઓનો ઉપયોગ કરીએ.

તમારે જાણવી જોઈતી બાબતો (રોકડ)

- **ટેમ્પરૅરી આસિસ્ટન્સ ફોર નીડી ફેમિલિઝ (TANF)** લેવા દ્વારા, તમે ડિવિઝન ઓફ ચાઈલ્ડ સપૉર્ટને તમારા બાળક અને જીવનસાથીના સપૉર્ટના અધિકારો સોંપો છો. તેનો અર્થ છે કે તમને મળતી જાહેર સહાયતાના મૂલ્ય સુધી તમને દેવાના થતા સપૉર્ટને DCS તેમની પાસે રાખી શકે છે. **જો તમને TANF પર હોવા દરમિયાન બાળક માટે ચાઈલ્ડ સપૉર્ટની ચુકવણીઓ અથવા ફાયદાઓ પ્રાપ્ત થયા હોય તો,** તમારે તુરત જ તેની જાણ DCSને કરવી જોઈએ.
- **જો તમને TANF** મેળવવાનું બંધ કરો તો, ચાઈલ્ડ સપૉર્ટને અસર કરતા કોઈપણ બદલાવો જેમ કે બાળકનું સ્થળાંતર અથવા માફૂં સરનામું બદલાયું જેવા વિષે તમારે DCSને જાણ કરવી જોઈએ.
- **જો તમે TANF મેળવો તો, તમને** કામચલાઉ આકસ્મિક હાઉસિંગ ખર્ચ ચૂકવવામાં મદદરૂપ થવા તમને વધારે નાણા ચૂકવવાનું કહેવામાં આવી શકે છે.

ફેડરલ નાગરિક અધિકારોના કાયદા અને U.S. Department of Agriculture (USDA) નાગરિક અધિકારોના નિયમો અને નીતિઓ અનુસાર, USDA, તેની એજન્સિઓ, ઑફિસો અને કર્મચારીઓ અને USDAના કાર્યક્રમોમાં સહભાગી સંસ્થાઓ અથવા વહીવટકર્તાઓ વંશ, રંગ, મૂળ રાષ્ટ્રવાસી, ધર્મ, લિંગ, જાતિય ઓળખ (લૈંગિક અભિવ્યક્તિ સહિત), જાતીય અભિગમ, વિકલાંગતા, ઉંમર, વૈવાહિક સ્થિતિ, પરિવાર/માતા-પિતાની સ્થિતિ, જાહેર સહાયતાના કાર્યક્રમમાંથી કરવામાં આવતી કમાણી, રાજકીય માન્યતાઓ અથવા USDA (બધા કાર્યક્રમોને બધા આધારો લાગુ પડતા નથી) દ્વારા કરવામાં અથવા નાણા ધીરવામાં આવેલ કોઈપણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાં અગાઉના નાગરિક અધિકારો સંબંધી પ્રવૃત્તિના બદલા અથવા પ્રતિકાર માટે પ્રતિબંધિત છે. કાર્યક્રમ અનુસાર ઉપાયો અને ફરિયાદ કરવાની સમયસીમા અલગ-અલગ હોય છે. વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ, જેમને કાર્યક્રમની માહિતી મેળવવા માટે વૈકલ્પિક સંચાર (દા.ત. બ્રેઈલ, મોટા અક્ષરોમાં, ઑડિયો ટેપ, અમેરિકન સાંકેતિક ભાષા વિગેરે.)ની જરૂર હોય તેમણે (202) 720-2600 (વૉઈસ અને TTY) પર સંબંધિત એજન્સિ અથવા USDAના TARGET કેન્દ્રનો સંપર્ક કરવો અથવા ફેડરલ રીલે સર્વિસ દ્વારા (800) 877-8339 પર USDAનો સંપર્ક કરવો તે ઉપરાંત, કાર્યક્રમની માહિતી અંગ્રેજી સિવાય અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી શકે છે. કાર્યક્રમ સંબંધી ભેદભાવની ફરિયાદ કરવા માટે USDA પ્રોગ્રામ ડિસ્ક્રિમિનેશન કમ્પ્લેન્ટ ફોર્મ AD-3027 ભરો, જેને http://www.ascr.usda.gov/complaint_filing_cust.html પરથી ઑનલાઈન અને કોઈપણ USDA ઑફિસ પરથી પ્રાપ્ત કરી શકાય છે અથવા USDAને સંબોધીને એક પત્ર લખો અને ફોર્મમાં માંગવામાં આવેલી બધી માહિતી પૂરી પાડો. ફરિયાદ પત્રકની નકલ મેળવવા માટે (866) 632-9992 પર કૉલ કરો. USDA કરેલા તમારા ફરિયાદ પત્રક અથવા પત્રને અહીં સબમિટ કરો:

1. મેઈલ: U.S. Department of Agriculture
   Office of the Assistant Secretary for Civil Rights
   1400 Independence Ave, SW
   Washington, D.C. 20250-9410;
2. ફેક્સ: (202) 690-7442; અથવા
3. ઈમેઈલ: program.intake@usda.gov

USDA એ એક સમાન તક પૂરી પાડનાર, નોકરીદાતા અને ઋણદાતા છે.

નીચે સહી કરવા દ્વારા હું સૂચવું છું કે મને DSHSના ફાયદાઓ પ્રાપ્ત કરવા અને સમજાવવામાં આવેલ કાર્યક્રમો સંબંધી મારા અધિકારો અને જવાબદારીઓ આપવામાં આવી હતી. હું સમજું છું કે જો દસ્તાવેજ પર સહી કરવાનું નકારું તો, તે મારી યોગ્યતાને પ્રભાવિત ના કરતું હોવા છતાં પણ લાગુ પડતી કાર્યક્રમની જરૂરીયાતો અને કાર્યક્રમને આધિન અથવા ગુનાહિત દંડો માટે હું જવાબદાર છું.

અરજદારની સહી	તારીખ	સહ-અરજદારની સહી	તારીખ

DSHS STAFF ACES ID: ☐ સહી કરવાનું નકાર્યું.